**ચાલો ગાંધીનગર... જીવંત સદ્‌ગુરુશ્રી શિવકૃપાનંદ સ્વામીજીના પાવન સાંનિધ્યમાં ચાલો ગાંધીનગર...**

॥જય બાબા સ્વામી॥

નિઃશુલ્ક

સદ્‌ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી પ્રેરિત

# સમર્પણ મહાધ્યાન શિબિર

નિઃશુલ્ક

## આત્મિય નિમંત્રણ



દરેક વ્યક્તિ એવી ઈચ્છા ધરાવે છે કે પોતે અને પોતાનો પરિવાર સુખી અને આનંદમય જીવન જીવે અને તે માટે તે પ્રયત્નશીલ હોય છે. માતા-પિતા તરીકે સૌ કોઈ ઈચ્છે છે કે પોતાનાં બાળકો સુસંસ્કારિત હોય અને જીવનમાં સર્વાંગિણ વિકાસ સાધે.

આજના સ્પર્ધાત્મક યુગમાં આગળ વધવા માટે વ્યક્તિ જાત-જાતનાં પ્રયત્નો અને વિચારો કરે છે. અતિવિચાર કરવાથી વૈચારિક પ્રદૂષિત વાતાવરણ ઉત્પન્ન થાય છે. આવા પ્રદૂષિત વાતાવરણમાં આપણે રહેવું પડે છે તે આપણી મજબૂરી છે. આવા પ્રદૂષિત વાતાવરણમાં સુખી અને આનંદિત રહી પ્રગતિ કરવી તે અઘરું કાર્ય છે. પરંતુ આ મુશ્કેલ પરિસ્થિતિને અનુકૂળ બનાવવામાં ધ્યાન ખૂબ જ મદદરૂપ થાય છે. ધ્યાનની અનેક પદ્ધતિઓ પ્રચલિત છે. તે પૈકી સમર્પણ ધ્યાન પદ્ધતિ જેને વિશ્વના અનેક દેશોના લોકોએ અપનાવેલ છે. આ ધ્યાનમાં કોઈ પણ વ્યક્તિ ધર્મ, પંથ અને જાતિના ભેદભાવ વગર ભાગ લઈ શકે છે. કોઈ પણ ક્રિયાયોગ, પ્રાણાયામ આદિનો સમાવેશ થતો નથી. બહેનો પણ ૩૬૫ દિવસ ધ્યાન કરી શકે છે.

હિમાલયના પરમ સિદ્ધ સંત, સદ્‌ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી, જેઓ ૮૦૦ વર્ષ પ્રાચીન એવી સમર્પણ ધ્યાન પદ્ધતિના સંવાહક છે. પોતાના સદ્‌ગુરુના આદેશ અનુસાર, સમાજમાં આત્મશાંતિ દ્વારા વિશ્વશાંતિ તેમજ સમગ્ર માનવસમાજ વચ્ચે આત્મિય સંબંધ સ્થાપિત કરવાનો પાવન ઉદ્દેશ લઈને આપણા સૌની વચ્ચે પધારી રહ્યા છે.

નિઃશુલ્ક, અતિ સરળ, સહજ અને અનુભૂતિ આધારિત આ ધ્યાન પદ્ધતિમાં સહસ્રાર ચક્ર પર ધ્યાન દ્વારા, સામૂહિકતામાં વૈશ્વિક ચેતના સાથે એકાકાર થઈ નિર્વિચારતાની સ્થિતિમાં ખૂબ જ મોટા પ્રમાણમાં સકારાત્મક ઊર્જા પ્રાપ્ત કરી, દરેક વ્યક્તિ સર્વાંગિણ વિકાસ કરી શકે છે.

એક વ્યક્તિ ૧૦,૦૦૦ દિવસ સુધી એકલો ધ્યાન કરે અને ૧૦,૦૦૦ લોકોની સામુહિકતામાં એકવાર ધ્યાન કરે, બંને બરાબર છે. દેશ અને વિદેશના લાખો સાધકો આ વિશિષ્ટ ધ્યાન પદ્ધતિ દ્વારા લાભાન્વિત થયા છે, આપ પણ ચૈતન્યના વૈશ્વિક મહાસાગરમાં આત્મ અનુભૂતિ પ્રાપ્ત કરવા અચૂક સંકલ્પ કરો...

સદ્‌ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીના પાવન સાંનિધ્યમાં ગાંધીનગરમાં પ્રથમ વાર સંપન્ન થવા જઈ રહેલ આ અલૌકિક મહાધ્યાનના કાર્યક્રમમાં સહપરિવાર, મિત્રો સહિત પધારવા અમારું આપ સૌને ભાવભર્યું આત્મિય નિમંત્રણ પાઠવીએ છીએ.

**તારીખ : ૬-૫-૨૦૧૨, રવિવાર, પ્રભાતે ૫.૦૦ થી ૭.૦૦**

**સ્થળ : રામકથા મેદાન, સેક્ટર ૧૧, ગાંધીનગર**

*તારીખ ૬ મે, ૨૦૧૨ની સ્વર્ણિમ પ્રભાત પર , આપ સૌ આત્માર્થીઓના આગમનની પ્રતિક્ષામાં.....* - સમર્પણ પરિવાર

વધુ માહિતી માટે : www.samarpanmeditation.org, www.shivkrupanandji.org, www.samarpanashram.org, www.madhuchitanya.org

**આવો આ સુવર્ણ અવસરનો લાભ લો * કૃપા કરી પ્રભાતે ૪.૩૦ વાગે આપનું સ્થાન ગ્રહણ કરી લેશો**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com